# વાર્ષિક માસવાર આયોજન

## ધોરણ - 3

## ગણિત (પ્રથમ સત્ર)





આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

## જુન / જુલાઈ માસનું પાઠ આયોજન

**ધોરણ : 3** વિષય : ગણિત

**પાઠનું નામ:**

૧ કયાંથી જોવું

**અધ્યયન નિષ્પતિ :**

– માહિતીને ટેલિમાર્ક વડે ભેગી કરી ચિત્રાત્મક રીતે આલેખે અને નિર્ણય પર આવે

– સરળ આકાર અને સંખ્યાઓમાં પેટર્ન વિસ્તરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ચિત્રોનું જુદી – જુદી બાજુથી નિરીક્ષણ

– ટપકાં માંથી પેટર્ન બનાવવી.

– સમિતિમાંથી ચિત્રો દોરવાં

– સમિતિ ધરાવતા આકારોની સમજ અને નિર્માણ

– સમિતિથી મહોરા બનાવવા

**શૈક્ષણિક સાધન :**

– ચિત્રો

– મહોરાં

– રંગોળી

– ગણિત પેટી

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને મોટરકારનું ચિત્ર દોરવાની પ્રવૃત્તિ કરાવશી. તેને જુદી – જુદી બાજુથી નિરીક્ષણ કરીને દોરેલું હતું તે અંગે ચર્ચા કરીશ. અન્ય ચિત્રો બતાવી જુદી – જુદી બાજુથી નિરીક્ષણ કરવા જણાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ ચિત્રોને જોવા માટે કયાંથી જોવાનું છે તે કહેવા જણાવીશ. રંગોળી બનાવવા માટે શું શું કરવું પડે તે અંગે ચર્ચા કરીશ. ટપકાંઓનો ઉપયોગ કરી ભાત (પેટર્ન) બનાવવાનું શીખવીશ. ચિત્રના અડધા ભાગના આધારે ચિત્ર પૂર્ણ કરતા શીખવીશ. વિદ્યાર્થીઓ ચિત્રો દોરશે. સમિતિ ધરાવતા આકારોની સમજ આપીશ. બીજા આકારો બનાવડાવીશ. મહોરાં બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

પ્રવૃત્તિ :

– બિંદુઓનો ઉપયોગ કરી વિવિધ આકારો, ડિઝાઈન, ચોરસ, લંબચોરસ બનાવવા

– ચિત્રોની મદદ લઈ મોહરાં બનાવો.

**મૂલ્યાંકન**

– ચિત્ર દોરો

– ટપકાંની મદદથી ભાત (પેટર્ન) બનાવો.

## જુન / જુલાઈ માસનું પાઠ આયોજન

**ધોરણ : 3** વિષય : ગણિત

**પાઠનું નામ:**

૨. સંખ્યાની ગમ્મત

**અધ્યયન નિષ્પતિ :**

– સ્થાન કિંમતનો ઉપયોગ કરી ૯૯૯ જેટલા નંબરો વાંચે છે અને લખે છે.

– ૯૯૯ સુધીની સંખ્યાઓનો સ્થાન આધારિત વિસ્તાર કરી શકશે.

**શૈક્ષણિક મુદ્દા :**

– સંખ્યાની સરખામણી

– બિંદુઓની રમત

– સંખ્યાના બંધારણ

– સંખ્યાઓનું અંકો તથા શબ્દોમાં લેખન

– 10-10, 50-50 અને 100 – 100 ના જુથ અને ગણતરી

– ચાલો, કુદીએ I રમત દ્વારા ચડતો – ઉતરતો ક્રમ

– ત્રણ અંકની સ્થાનકિંમત

– સંખ્યાનો અનુમાન

**શૈક્ષણિક સાધન :**

– મૂર્ત વસ્તુઓ અમૂર્ત વસ્તુઓ
– નોટો (ચલણી)
– સિક્કાઓ

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓની મૂર્ત વસ્તુઓ દ્વારા સંખ્યાની ઓળખ કરાવીશ. સરખામણી કરાવીશ. બિંદુઓની રમત રમાડીશ. સંખ્યાના બંધારણની સમજ ઉદાહરણ દ્વારા આપીશ. સંખ્યાઓનું અંકો તથા શબ્દોમાં લેખન કરવા જણાવીશ. 10-10, 50-50 અને 100-100 ના જૂથ બનાવી ગણતરી કરાવીશ. વિદ્યાર્થીઓ 'ચાલો, કુદીએ !" રમત દ્વારા ચડતા ઉતરતા ક્રમની સમજ આપીશ. ત્રણ અંકની સ્થાન કિંમત વિવિધ મહાવરા, વાર્તાઓ દ્વારા સમજ આપીશ. સંખ્યાનું અનુમાન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમજાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

રમત :
બિંદુઓની રમત (ટપકાંની રમત)
પ્રવૃત્તિ :
સંખ્યાઓને આકૃતિમાંથી શોધી રંગ પૂરો.

**મૂલ્યાંકન**

– મહાવરા દ્વારા મૂલ્યાંકન કરીશ.
– સ્વાધ્યાય લખવા જણાવીશ.

**જુન / જુલાઈ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3** વિષય : ગણિત

**પાઠનું નામ**:
૩. આપો અને લો

**અધ્યયન નિષ્પતિ :**

– સરવાળો ૯૯૯ થી વધે નહીં તેવા રોજિંદા જીવનને સ્પર્શતા સરવાળાના વ્યવહારું કોયડા ઉકેલી શકશે.
– રોજિંદા જીવનની સમસ્યા / પરિસ્થિતિને ત્રણ અંકની સંખ્યાઓના સરવાળા અને બાદબાકી દ્વારા ઉકેલે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– બે અંકોના સરવાળા અને બાદબાકી માટે 10 x 10 અંકોના કોઠાનો ઉપયોગ કરી મૌખિક રીતે પ્રક્રિયાની સમજ
– બે અંકોના વ્યવહારિક સરવાળાના કોયડા
– ત્રણ અંકોના સરવાળા
– સરવાળાના વ્યવહારિક કોયડા

**શૈક્ષણિક સાધન :**

– 10 x 10 અંકોની કોઠાનો ચાર્ટ

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને 10 x 10 અંકોના કોઠાનો ઉપયોગ દ્વારા બે અંકોના સરવાળા અને બાદબાકીની મૌખિક રીતે પ્રક્રિયા કરી સમજ આપીશ. મૌખિક સરવાળા બાદબાકીના દાખલા ઉદાહરણ દ્વારા શીખવીશ. બે અંકોના વ્યવહારિક કોયડા (સરવાળા) ના દાખલા શીખવીશ. ત્રણ અંકની સંખ્યાના સરવાળાના દાખલા વિવિધ ઉદાહરણ થી શીખવીશ. વ્યવહારિક કોયડા ઉકેલના દાખલા શીખવીશ. વિદ્યાર્થીઓને દાખલા ગણવા આપીશ. વિદ્યાર્થીઓ દાખલા ગણશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ : મારો ખોરાક શોધો.
રમત : કેરી અને મરચાની રમત
રમત : અંક જીતો કાર્ડની રમત

**મૂલ્યાંકન**

– સરવાળા અને બાદબાકીના દાખલા ગણો.

શિક્ષણ સાગર

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3** વિષય : ગણિત

**પાઠનું નામ**:

૪. લાંબુ અને ટુંકું

**અધ્યયન નિષ્પતિ :**

– બિન પ્રમાણિત પરંતુ યોગ્ય એકમમાં હાથ, પગલાં, વેત દ્વારા માપન કરે છે. અંદાજ કાઢે છે.

– સેન્ટીમીટર અથવા મીટર જેવા પ્રમાણભૂત એકમ નો ઉપયોગ કરીને લંબાઇ અને અંતરના અંદાજ અને માપન સબંધોની ઓળખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– શરીરના ભાગોથી જુદી –જુદી વસ્તુઓની માપણી અંદાજિત માપ વર્ગખંડની વસ્તુઓનું માપપટ્ટી દ્વારા માપન

– શરીરના જુદા – જુદા ભાગોની લંબાઇ

– પોતાના અને મિત્રના શરીરના ભાગોની લંબાઇનો તફાવત

– ગીલ્બી કીડીના રસ્તાની લંબાઇ

– ૧૦૦ સે.મી. = ૧ મીટર ની સમજ

– વર્ગખંડના ટેબલ, બારણાની લંબાઇ, પહોળાઇ માપવી

– વર્ગખંડના ટેબલ, બારણાની લંબાઇ, પહોળાઇ માપવી

– મિત્રોની ઉંચાઇ શોધવી

– આપેલી વસ્તુઓની લંબાઇ સે.મી.માં કે મીટરનમાં છે તે બતાવો.

– આગ્રાની સફર એક સ્થળથી બીજા સ્થળનું આંતર

– ચિત્રોની લંબાઇ અને તેના માપ સાથે યોગ્ય રીતે જોડો

**શૈક્ષણિક સાધન :**

– માપપટ્ટી

– દોરી

– મેજર ટેપ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ દ્વારા અપ્રમાણિક એકમોનો ઉપયોગ કરી (હાથ, વેત, પગલાં) આજુબાજુની વસ્તુઓનું માપન કરતા શીખવીશ. વિદ્યાર્થીઓમાં પણ કરશે. આપેલ ચિત્રો દ્વારા અંદાજિત માફ વિદ્યાર્થીઓ પાસે કઢાવીશ. હિતેશ વર્ગખંડની વસ્તુઓનું માપપટ્ટી દ્વારા માપન કરાવીશ. વિદ્યાર્થીઓમાં પણ કરશે. અંગૂઠા અને નાની આંગળીની લંબાઇ દરેક વિદ્યાર્થીઓ પાસે માપ આવીશ. શરીરના જુદા જુદા ભાગો ભાગોની લંબાઇનું અનુમાન કરાવીશ. વિદ્યાર્થીઓના પોતાના અને મિત્રના શરીરના અંગોનું માપન કરાવી તફાવત સુધા વિશે તેના આધારે પ્રશ્નોત્તરી કરીશ. વિદ્યાર્થીઓને દિલ્હી કીડીને અનાજના દાણા સુધી પહોંચવા સૌથી ટૂંકા રસ્તાની શોધ કરાવીશ. બીજો ટૂંકો રસ્તો દોરવા જણાવીશ. તેની લંબાઇ મપાવીશ. ૧ મીટર = 100 સે.મી. થાય તે સમજાવીશ. ૧ મીટર દોરડાની મદદથી વર્ગખંડના ટેબલ બારણાની લંબાઇ, પહોળાઇ કોષ્ટક પૂર્ણ કરાવીશ. વિદ્યાર્થીઓના મિત્રોની ઉંચાઇ નો કોઠો તૈયાર કરાવીશ. તેમાં કોણ ઉંચું / નીચું સરખું તે શોધાવીશ. વસ્તુઓની લંબાઇ સેન્ટીમીટરમાં કે મીટરમાં છે તે બતાવવા જણાવીશ. વિદ્યાર્થીઓમાં માપન કરી બતાવશે. આગ્રાની સફર આગ્રાના નકશા દ્વારા કરાવીશ. તેના આધારે પ્રશ્નોત્તરી કરીશ. આપેલ ચિત્રોની લંબાઇ તેના માપ સાથે યોગ્ય રીતે જોડો. પ્રાણીઓની પૂંછડીની હરિફાઇ દ્વારા લંબાઇનું અનુમાન વિદ્યાર્થીઓ પાસે કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

પ્રવૃત્તિ : ૧ મીટરનું દોરડું બનાવવું
પ્રવૃત્તિ : ૨ ઘરના સભ્યોની ઉંચાઇ જાણવી.

**મૂલ્યાંકન**

– આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી લખવા જણાવીશ.

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**

**ધોરણ : 3** વિષય : ગણિત

**પાઠનું નામ**:

૫. આકાર અને ભાત (ડિઝાઇન)

**અધ્યયન નિષ્પતિ :**

– કાગળને ગડિયા, કાગળ કાપી ટપકા જાળ દ્વારા સીધી રેખાનો ઉપયોગ કરી વગેરે રીતે દ્વિપરિમાણીય આકારો ઓળખે અને બનાવે છે.
– સરળ આકાર અને પેટર્ન વિસ્તારે છે.
– ચિત્રાત્મક રજૂઆત કરે છે અને તારણો કાઢે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– કલેપર બનાવો.
– આકારો સાથે ગમ્મત
– ત્રિકોણ અને લંબચોરસ શોધો.
– વક્રધારવાળી વસ્તુઓ
– કાગળના લબંચોરસ ટુકડામાંથી ખૂણા મેળવવા
– આપેલ વસ્તુઓના ખૂણા, ધારની સખ્યા શોધવી.
– ટેનગ્રામમાંથી વિવિધ આકારો બનાવવા
– વણાટની પેટર્ન (ભાત)
– ભોયતળિયાની પેટર્ન (ભાત)
– લાદી વડે ભોયતળિયું ઢાંકવું
– ખજાનાની શોધખોળની રમત – પ્રવૃત્તિ

**શૈક્ષણિક સાધન :**

– વિવિધ ડિઝાઇન
– વક્રધારવાળી વસ્તુઓ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને કાગળમાંથી કલેપર બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ. વિદ્યાર્થીઓ કલેપર બનાવશે. આપેલ સૂચનાઓનું પાલન કરી વિદૂષણ (રંગલા) માં રંગ પૂરવા જણાવીશ. વિદ્યાર્થીઓ રંગ પૂરશે. આપેલી આકૃત્તિઓમાં ત્રિકોણ, લંબચોરસ શોધવા જણાવીશ. આપેલ વસ્તુઓની સીધી ધાર વિશે રમત રમાડી બતાવીશ. આસપાસ જોવા મળતી વક્રધારવાળી વસ્તુઓ ઓળખી બતાવીશ. કાગળના લંબચોરસ ટુકડામાંથી એક ખૂણો વાળી તેમાંથી કેટાલ ખૂણા મળે છે તે શોધાવીશ. કોષ્ટકમાં આપેલી વસ્તુઓને ખૂણા કેટલા છે ? ધારની સંખ્યા ખૂણાઓની સંખ્યા બતાવવા જણાવી નોંધ કરાવીશ. ટેનગ્રામના ટુકડાઓ માંથી પ્રાણીઓ, માણસો વસ્તુઓના ઘણા આકારો બનાવતાં શીખવશી. પાંચ ટુકડા / સાત ટુકડાના ટેનગ્રામમાંથી વિવિધ આકારો બનાવડાવીશ. વિદ્યાર્થીઓ આકાર બનાવશે. વિદ્યાર્થીઓને વણાટની પેટર્ન, ભોયતળિયાની પેટર્નનું અવલોકન કરાવીશ. ભોયતળિયાને લાદી વડે કેવી રીતે ઢાંકી શકાય તે બતાવી ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓને પોતાની પેટર્ન બનાવવા જુદા – જુદા રંગોનું મિશ્રણ કરાવી રંગ પૂરવા જણાવીશ. ખજાનાની શોધખોળમાં આપેલ સૂચના મુજબ ક્રિયા કરી ખજાનો શોધવાની પ્રવૃત્તિ કરાવીશ. વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ કરશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

– રમત : ધાર અને ખૂણાની રમત
પ્રવૃત્તિ : કાગળના લંબચોરસ ટુકડામાંથી ખૂણાઓ તૈયાર કરવા

પ્રવૃત્તિ : ટેનગ્રામ બનાવો

રમત : ખજાનાની શોધ કરવી.

**મૂલ્યાંકન**

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 3** વિષય : ગણિત

**પાઠનું નામ:**

૬ આપ–લેની ગમ્મત

**અધ્યયન નિષ્પતિ :**

– પુન: વર્ગીકરણ કર્યા વગર કે કરીને ત્રણ આંકડાની સંખ્યાના સરવાળા અને બાદબાકી કરી સાદી રોજિંદા જીવન સમસ્યાઓનો ઉકેલ લાવે છે. (૯૯૯ કરતાં વધુ નહી)

– સંખ્યાત્મક પેટર્ન સમજે.

– રોજિંદા જીવનના કોયડા સરવાળા બાદબાકી કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

– બે અંકો / ત્રણ અંકોની સંખ્યાની બાદબાકી વ્યવહારૂં કોયડા ઉકેલ

– બે અંકો / ત્રણ અંકોની સંખ્યાના સરવાળા

– વ્યવહારું કોયડા ઉકેલ

– પ્રવૃત્તિ : ચાલો પત્રો વહેંચીએ (ગણતરી દ્વારા) પેટર્ન જોઈ ખૂટતી સંખ્યા લખો.

– સરવાળા – બાદબાકીના મૌખિક દાખલા

– મહાવરાના દાખલા દ્વારા દ્રઢિકરણ

– વાર્તા – પ્રશ્નો બનાવવા

– રાજાના ઘોડાની વાર્તા દ્વારા કોયડા ઉકેલ

– કોયડા ઉકેલ વિદ્યાર્થીઓ દ્વારા

**શૈક્ષણિક સાધન :-**

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને બે અંકો તથા ત્રણ અંકોની સંખ્યાના બાદબાકીના દાખલા શીખવીશ. વ્યવહારું કોયડાના દાખલા શીખવીશ. વિદ્યાર્થીઓ દાખલા ગણશે. દશકો લઇ શકાય તે બાદબાકીના દાખલા શીખવીશ. બે અંકો / ત્રણ અંકોના સંખ્યાના સરવાળાના દાખલા ગણાવીશ. વ્યવહારું કોયડાના દાખલવા શીખવીશ. ચાલો પત્રો વહેંચીએમાં પત્ર ઉપર સાચા રૂમ નંબર લખો. પછી ઉપર દર્શાવેલ ઈમારત (ભવન) માં રૂમ શીખવીશ. અને તેની ફરતે વર્તુળ દોરવા જણાવીશ. સંખ્યાની પેટર્ન જોઇ ખૂટતી સંખ્યા લખો. મૌખિક ગણિતના સરવાળા બાદબાકીના દાખલા ગણાવીશ. મહાવરાના દાખલા, વ્યાહવારિક કોયડાની ચર્ચા કરી. દ્રઢિકરણ કરાવીશ. વિદ્યાર્થીઓ દાખલા ગણશે. વાર્તા – પ્રશ્નો બનાવાવ માટે જૂથ કાર્ય સોપીશ. વિદ્યાર્થીઓ વાર્તા પ્રશ્નો બનાવશે. રાજાના ઘોડાની વાત દ્વારા ઘોડાની ગણતરી કરાવીશ. મુર્ખ રાજા કોઇ ખૂટતો ઘોડો શોધી શકયો નહી. તમે તેને મદદ કરશો. ચર્ચા કરીશ. આપેલ કોયડો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરીશ. વિદ્યાર્થીઓ કોયડાનો ઉકેલ મેળવશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃતિ : બજારમાંથી ખરીદેલી વસ્તુઓની યાદી કરી તેમની કિંમતના સરવાળા કરાવીશ.

**મૂલ્યાંકન**

– મહાવરાના દાખલવા ગણવા જણાવીશ.

– સરવાળા – બાદબાકીના દાખલવા ગણવા જણાવીશ.

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 3** વિષય : ગણિત

**પાઠનું નામ:**

૫. સમય વહી જાય છે.....

**અધ્યયન નિષ્પતિ :**

– સમયના નાના – મોટા એકમો વિશે જાણે અને જરૂરી પરિસ્થિતિમાં તેનો ઉપયોગ કરી શકે.

– કેલેન્ડર પર ચોકકસ દિવસ અને તારીખને ઓળખે છે.
– ઘડિયાળનો ઉપયોગ કરીને સમયને કલાકમાં યોગ્ય રીતે વાંચે છે.
– ચિત્રાત્મક રજૂઆત કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ઉલટા – સૂલટા સમયની વાર્તાનું કથન
– કોણ કેટલો સમય લે છે ?
– તેની માહિતી અંગે ચર્ચા
– મિનિટ, કલાક દિવસની સમજ
– રમત : "તાળી પાડો તાળી પાડો" જૂથમાં રમો.
– સુધાના જન્મના પ્રમાણપત્રનો અભ્યાસ – પ્રશ્નોત્તરી
– પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા
– ૨૦૧૮ ના કેલેન્ડરનો અભ્યાસ તથા તેના આધારે પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા
– ઉજવાતા તહેવારો કેલેન્ડરનો અભ્યાસ – જાદુ બતાવવા
– માર્ચ ૨૦૧૯ ના કેલેન્ડરનો અભ્યાસ ઓગષ્ટ ૨૦૧૯ નવું કેલેન્ડર બનાવવાની પ્રવૃત્તિ
– પેડકીદેવીની સત્ય વાતનું કથન
– કુસુમની દિનચર્યાના ને આધારે ઘડિયાળમાં કાંટો દોરવો તથા સમય લખવો.
– વિદ્યાર્થીની દિનચર્યા તથા ઘડિયાળમાં કાંટા

**શૈક્ષણિક સાધન :**

– ઘડિયાળ
– કેલેન્ડર

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ ઉલટા – સૂલટા સમયની વાતનું કથન કરીશ. તેમાં રંગીન શબ્દ ખોટા છે તેની બાજુમાં ખાનામાંથી સાચો શબ્દ પસંદ કરી લખવા જણાવીશ. કોણ કેટલો સમય લે છે. તે માહિતી મેળવી કોષ્ટક પૂર્ણ કરાવીશ. મિનિટ, કલાક, દિવસની માહિતી આપીશ. અમુક ક્રિયાઓ થવા માટે લાંબો સમય થાય છે તેની વાત કરીશ. વિદ્યાર્થીઓને 'તાળી પાડો તાળી પાડો '' રમત રમાડીશ. આપણે કેટલી ઉંમરનાં છીએ તેની ચર્ચા કરી ઘરના સભ્યોની ઉંમરની માહિતી મેળવીશ. સુધાના જનમના પ્રમાણપત્રનું અવલોકન કરાવીશ. તેના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી માહિતી મેળવીશ. વિદ્યાર્થીઓને ૨૦૧૮ ના વર્ષના કેલેન્ડરનો અભ્યાસ કરાવીશ. તેના આધારે આપેલ પ્રશ્નોની ચર્ચા કરીશ. વિદ્યાર્થી વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. આપણે ઉજવતા તહેવારો વર્ષ ૨૦૧૮ ના કેલેન્ડરમાં કયા વારે આવે છે તે શોધવાની પ્રવૃત્તિ કરાવીશ. તે તહેવારોને વર્ષના કેલેન્ડર મુજબ ક્રમમાં ગોઠવવા જણાવીશ. ફેબ્રુઆરી ૨૦૧૯ ના કેલેન્ડરનો અભ્યાસ કરાવી કેલેન્ડરનો જાદુ બતાવીશ. તેમાં ત્રણ સંખ્યાના સરવાળો કરાવીશ. આવું કેટલી વખત બને છે તે શોધાવીશ. આવો બીજો જાદુ માર્ચ – ૨૦૧૯ ના કેલેન્ડરમાં શોધાવીશ. પેડકીદેવીની સત્ય વાર્તાનું કથન કરીશ. તેના આધારે સમયરેખા તૈયાર કરાવીશ. કુસુમની દિનચર્યાના આધારે ઘડિયાળમાં કાંટા, દોરવા તથા જયાં સમય લખેલ નથી તે લખવા જણણાવીશ. દરેક વિદ્યાર્થીઓની દિનચર્યાના આધારે ઘડિયાળમાં સમયના કાટા દોરવા જણાવીશ. આ સમયે શું કરો છો તેની નોંધ કરાવીશ. સમયને શબ્દોમાં લખાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

રમત : તાળી પાડો તાળી પાડો, તમે ઝીલો તે પહેલાં

પ્રોજેક્ટ : તમારા માતા – પિતાને પૂછી તમારા જન્મનું પ્રમાણપત્ર તૈયાર કરો.

પ્રવૃત્ત : ઓગષ્ટ ૨૦૧૮ નું કેલેન્ડર બનાવો.

**મૂલ્યાંકન**

– પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**ડિસેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 3 વિષય: ગણિત ગમ્મત**

**પાઠનું નામ**:

(૮) વધુ ભારે પડે કોણ ?

**અધ્યયન નિષ્પતિ :**

– સાદા ત્રાજવાથી વસ્તુઓનું વજન ગ્રામ અને કિલોગ્રામ જેવા પ્રમાણિત એકમોથી શોધે છે.

– ગ્રામ અને કિલોગ્રામ માં આપેલ માપવાળા સરવાળા બાદબાકી કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ગોળ અને મગફળીમાં વજન કોનું વધારે ?

– કોળું– ટામેટાંનો પંગો

– વર્ગના મિત્રોનું વજન

– વજન થી બમણું

– ગ્રામ તથા કિલોગ્રામ એકમ

– મસ્ત મસ્ત ખિચડી

– મહાવરો – ચર્ચા

– વજનીયાં અને ત્રાજવાં

– મુલાકાત : ભંગાર વેચનાર વેપારી, શાકભાજી અને કરિયાણાની દુકાન

**શૈક્ષણિક સાધન :**

– પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ૧ કિલો ગોળ અને ૧ કિલો ગ્રામ મગફળીમાં વજન કોનું વધારે છે તે અનુમાન કરાવીશ. ચર્ચા કરીશ કે મગફળી ખરેખર વજનમાં ગોળ કરતાં વધારે છે ? અથવા તે માત્ર વધારે દેખાય છે ? વિદ્યાર્થીઓ પાસે અનુમાન કરાવીશ કે આમાંથી કોણ માટે તમારે વધારે મોટી (બેગ) થેલિની જરૂર છે ? ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓએ કરેલ અનુમાન સાચું છે કે નહીં તેની ચકાસણી કરાવીશ. "કોળું– ટામેટાં નો પંગો" વાત રજૂ કરીશ. તેના આધારે વિદ્યાર્થીઓને અનુમાન કરાવીશ કે કેટલા નાના ટામેટાં કેળાને ખીચવા પર ઊભું કરી સકે ? કેટલી મોટી કેરીઓ કોલને સમતોલ રાખી સકે ચર્ચા કરીશ,. વિદ્યાર્થીઓ અનુમાન કરશે. વિદ્યાર્થીઓ ને તેમના મિત્રોના વજન વિશે પૂછીશ કે જેમનું વજન સરખું હોય, વધારે હોય કે ઓછું હોય. ભારતીના જન્મ દિને તેના માતા –પિતા દર વર્ષે ભારતીના વજન કરતાં બમણા વજનની મીઠાઇ ગરીબ લોકોને વહેછે છે. ભરતીની ૧ થી ૫ વર્ષની ઉમરને ધ્યાનેમાં રાખી વજન અને મીઠાઈના જથ્થાનું અનુમાન કરાવીશ. ખિચડી બનાવવાના દરેક વસ્તુના જથ્થામાં કઇંક ઘણું જ ખોટું થયું છે ? તો તે વસ્તુના સાચા જથ્થા સાથે જોડાવીશ. વિદ્યાર્થીઓ સાથે મહવારોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓને નજીકમાં ભંગાર વેચનાર વેપારીની, શાકભાજીની દુકાન અને કરિયાણાની દુકાનની મુલાકાત કરાવીશ. જૂથમાં ચર્ચા કરાવીશ. પ્રશ્નોત્તરી કરીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ રમત**

પ્રવૃતિ : હાથ સીધો રાખીને એક હાથ પર કેટલા પુસ્તકો ઊચકી શકશો ?

પ્રોજેક્ટ : ભંગાર વેચનાર વેપારી શાકભાજી અને કરિયાણાની દુકાનની મુલાકાત પ્રશ્નોત્તરી

**મૂલ્યાંકન**

– મહાવરો લખવા જણાવીશ.

# વાર્ષિક માસવાર આયોજન

શિક્ષકો વિધાર્થીઓ માટે તમામ શૈક્ષણિક મટીરીયલ્સ એક જ જગ્યાએ મેળવવા **શિક્ષણસાગર એપ્લિકેશન** ડાઉનલોડ કરો.

shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education





**આવા દરેક ધોરણના વિષયવાર આયોજન શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.**